ગરીબોની કસ્તુરી ડુંગળીનો ભાવ હજુ વધવાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૯

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળી હવે અમીરોને પણ મોંઘી લાગે તેટલા ઉંચા ભાવે વેચાઈ રહી છે. ટામેટા સહિતના શાકભાજીના ઉંચા ભાવો ચુકવી રહેલી ગૃહિણીઓ ડુંગળીના ભાવ સાંભળીને જ તેને ખરીદવાનું નામ લેતી નથી. રસોડામાં ડુંગળીનો ઉપયોગ સિમિત કરી દેવાયો છે. હજુ બજારોમાં ડુંગળીની નવી આવકો ન થતા આગામી દિવસોમાં ભાવ વધુ ઉંચા જવાની સંભાવના છે.

મોંઘવારીએ માઝા મુકી છે ત્યારે ડુંગળીના ભાવ અચાનક આસમાનને આંબતા ડુંગળીના ભાવ સાંભળીને ગૃહિણીઓના આંખમાં આંસુ આવી જાય છે. જ્યારે ગરીબ વર્ગના લોકોની તો સ્થિતિ કફોડી બની છે. હોટલમાં સલાડની પ્લેટમાંથી પણ ડુંગળી અદૃશ્ય થઈ ગઈ છે. ગાંધીનગર શહેરમાં પણ ડુંગળીના ભાવને પગલે ૬૦ ટકા જેટલો વેપારમાં કાપ મુકાયો છે.

સ્વાદિષ્ટ અને ચટાકેદાર વાનગી બનાવવા માટે વપરાતી ડુંગળીના ભાવ અચાનક વધી જતા લોકોએ ઘરમાં ડુંગળી લાવવાનું માંડી વાળ્યું છે. ગાંધીનગર શહેરમાં વર્ષ દરમિયાન ૧૫ થી ૨૦ રૂપિયે કિલો મળતી ડુંગળી અત્યારે હાલ ૪૦ રૂપિયે કિલો મળતા શાકભાજી ખરીદવા જતી ગૃહિણીઓ ભાવ સાંભળીને જ આગળ ચાલી જાય છે. શહેરમાં રોજ સરેરાશ શાકમાર્કેટમાં ૮૦૦ થી વધારે કટ્ટા ડુંગળીના આવતા હતા. એટલે કે ૩૦,૦૦૦ કિલોથી વધુનું વેચાણ શહેરમાં થતુ હતુ. પરંતુ ભાવ વધતા ૨૦૦ થી ૩૦૦ કટ્ટા આવે છે. એટલે કે ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ કિલોનું વેચાણ અત્યારે હાલના તબક્કે થાય છે. ડુંગળીની ખરીદીમાં ૬૦ ટકા કાપ મુકાયો છે. સેક્ટર-૨૧ શાકમાર્કેટના વેપારી બકુલ જયસ્વાલે જણાવ્યું હતું કે ચોમાસામાં ડુંગળીની આવક ન હોવાથી ભાવમાં

● અનુસંધાન પાના - ૭ પર

સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કા બાદ અન્ડરપાસનું આયોજન આખરી કરાશે

મુખ્ય માર્ગો પર ટ્રાફીકની સમસ્યા ન ઉદભવે તે માટે અન્ડરપાસનો પ્રોજેકટ વિચારણા હેઠળ

ગાંધીનગર, તા.૧૯

શહેરના મધ્ય વિસ્તારમાં સ્વર્ણિમ પાર્કની મહત્વકાંક્ષી યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. જયારે સ્વર્ણિમ પાર્કના ફેઝ-૨નું કામ પૂર્ણ થયા બાદ આગામી સમયમાં શહેરમાં અન્ડરપાસ બનાવવાની યોજના સંદર્ભે આખરી આયોજન કરવામાં આવશે. શહેરના મુખ્યમાર્ગો પર ભાવિ સમયમાં ટ્રાફીકની અવર જવર સરળ બને તેમજ સ્વર્ણિમ પાર્ક ડીસ્ટર્બ ન થાય તે માટે અન્ડરપાસ બનાવવાનું આયોજન વિચારણા હેઠળ છે.

શહેરમાં દાયકાઓ પૂર્વે રોડ નેટવર્કને સલામત બનાવવા જે તે

નિર્માણ કરાયેલા ભૂગર્ભ રસ્તાઓ વર્ષોથી બંધ હાલતમાં છે. શહેરના સમયે ભૂગર્ભ રસ્તાઓ પણ બનાવાયા હતા પરંતુ ભૂગર્ભ રસ્તાઓ અદૃશ્ય થઈ જતા હાલ રોડ સેફટીની દૃષ્ટિએ સર્વિસ રોડ બનાવવાનું કામ

● અનુસંધાન પાના - ૭ પર

ભેજ-વાદળિયું વાતાવરણ મચ્છર ઉત્પત્તિ માટે ફેવરેબલ

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં બે સપ્તાહથી ઘેરાયેલા વરસાદી માહોલના લીધે મચ્છર ઉત્પત્તિ સ્થાનો રોગચાળાનું ઉદભવ સ્થાન બન્યા છે. વરસાદની મૌસમમાં સેકટરોના આંતરિક વિસ્તારો ઉપરાંત જાહેર સ્થળોએ ખડકાયેલા કચરાના ઢગ વચ્ચે વરસાદી પાણીનો ભરાવો થતા મચ્છરો માટે નવા બર્થ પ્લેસ તૈયાર થઈ ગયા છે જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદે પણ વિરામ લેતા વાદળિયા વાતાવરણ વચ્ચે ભેજનું પ્રમાણ મચ્છર ઉત્પત્તિ માટે વધું ફેવરેબલ બન્યું છે.

ચોમાસાની તોફાની શરૂઆત બાદ છેલ્લા બે સપ્તાહ દરમિયાન વરસાદી વાયરો યથાવત રહેતા મેઘરાજા પણ એકાંતરે દિવસે હાજરી પૂરાવી જાય છે. જુલાઈના પ્રારંભિક સપ્તાહમાં મેઘરાજા મન મૂકીને વરસતા શહેરમાં ચોમેર વરસાદી પાણી ઉભરાયું હતું. જયારે વરસાદે વિરામ લીધા બાદ પણ વાદળિયા વાતાવરણ વચ્ચે રોજબરોજ ભેજનું પ્રમાણ નોંધનીય રહેતા નાગરિકો હજુ પણ ઉકળાટ અનુભવી રહ્યા છે. વાદળિયા માહોલ વચ્ચે ભેજનું પ્રમાણ વધારે હોવાથી મચ્છો માટે પણ ફેવરેબલ વાતાવરણ હોવાથી રોગચાળાની દૃષ્ટિએ જોખમી સ્થિતિ સર્જાઈ છે. વરસાદી પાણીના ભરાવાના લીધે મચ્છરો માટે નવા બર્થ પ્લેસ તૈયાર થઈ ગયા છે. મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળો ભરડો લે તેવી દહેશત પ્રવર્તી છે. આવા સંજોગોમાં પોરાનાશક કામગીરી સઘન બનાવી દેવાઈ છે ત્યારે મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો ડામના નગરજનો પણ જાગૃતિ દાખવે તેવી અનિવાર્યતા છે.

ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લાઓના આંકડા અધિકારીઓની બે દિવસની કાર્યશાળા આજે સંપન્ન થઈ છે.
- રાજયસભાના સાંસદ શ્રી મનસુખભાઈ માંડવિયા આજે સવારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાતે હતા.
- જિલ્લા પંચાયતમાં આજે જિલ્લા કોંગ્રેસના આગેવાનોની બેઠક મળી હતી. આ બેઠકમાં રાજકીય સ્થિતિ અને પક્ષના સંગઠ્ઠનના મજબુતીકરણને લઈ ચર્ચાઓ થઈ હતી.
- આજે ડી.ડી. ગિરનાર ઉપરથી પાણીજન્ય રોગચાળા ઉપર એક પરિસંવાદ રજુ થયો હતો. જેમાં ગાંધીનગર સિવિલના જાણીતા ફીઝીશિયન ડૉ. દિનકર ગોસ્વામી અને મદદનીશ નિયામક ડૉ. દિનકર રાવલ વિવિધ પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની આજે યોજાનાર ચૂંટણી માટે ગાંધીનગરમાં મતદાન મથકો નિયત કરાયા છે. સે. ૧૬માં જિલ્લાના આચાર્યો માટે મતદાન મથક છે તો સે. ૧૨માં સંચાલક મંડળની ચૂંટણી માટેનું મતદાન મથક છે.

Chaudhari Technical Institute
MCA - 506 & MBA - 708
Established in Year 2001.
Affiliated to Gujarat Technological University - Exclusively for Girls
Mahila College Campus, Sector-7, Opp. Central S.T. Bus Depot, Gandhinagar, Gujarat. Phone : +91 079 23235239, Mo. : 9427713504 (MCA), 9725598661 (MBA)
Wbsite : www.ddcti.ac.in E-mail : info@ddcti.ac.in, cti_2kl@yahoo.com

Unique Features :
- University approved experienced faculties.
- Achieved 2nd Rank in Gujarat State GTU-MCA examinations.
- Wi-Fi connectivity, Computer Lab, Internet LAB.
- Seminars/Presentation/Guest lectures by Industry/Academic experts.
- Excellent Infrastructure and ample resources.
- Well-equipped Library with e-facilities.
- Excellent Placement Cell place 60 to 70% students.
- Secure and Serene Campus-Hostel.

Congratulation to the Students Of MCA-SEM-6 (2013) for 100% Result.

ઉત્તરાખંડની આપત્તિના પગલે જન્મદિન નહીં ઉજવવા શંકરસિંહ વાઘેલાનો નિર્ણય

કુદરતી આપત્તિથી સમગ્ર દેશ બેચેન હોય ત્યારે ઉજવણી નહીં કરી લોકધર્મ નિભાવવાની ફરજ અદા કરું છું : પ્રજાજોગ ખૂલ્લો પત્ર

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના અગ્રણી અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી તથા વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ ૨૧મીએ પોતાના જન્મદિનની ઉજવણી નહિ કરવાનો નિર્ણય લીધો છે. ઉત્તરાખંડની આપદા પછી શ્રી વાઘેલાએ આ નિર્ણય કરી અને પોતાના સૌ શુભેચ્છકો, કાર્યકરોને એક ખુલ્લો પત્ર લખી તેની જાણ પણ કરી છે.

શ્રી વાઘેલાએ તેમના આ પત્રમાં લોકધર્મની વાત કરી છે. તેમણે કહ્યું કે

ઉત્તરાખંડની આપદાથી આખો દેશ બેચેન છે ત્યારે તેઓ આવી ઉજવણી ન કરવી જોઈએ તેવો સ્પષ્ટ મત તેઓ ધરાવે છે.

૧૯૬૪ થી જાહેરજીવનમાં પ્રવેશેલા શ્રી વાઘેલા દર વર્ષે તેમના મિત્રો, સ્નેહીજનો, શુભેચ્છકો અને સમર્થકોની હાજરીમાં જન્મદિનની ઉજવણી કરતા રહ્યા છે.

આ વખતની પરિસ્થિતિ થોડી અલગ છે. ઉત્તરાખંડ ખાતે કુદરતે વરસાવેલા કહેરને કારણે અનેક

● અનુસંધાન પાના - ૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com